# નવજીવન વડીલ કેન્દ્ર

વૃદ્ધ, એકાકી, અને નિવૃત્ત લોકોની સેવા અને સહાય માટે સ્થપાયેલી સંસ્થા.

વૉલ્યુમ ૧, અંક ૫ નવેમ્બર ૨૦૦૭
દર ગુરુવારે સેયર સેન્ટર, ઓક્ષગેટ લેન, ક્રીકલવુડ લંડન માં મળીએ છીએ.

**President**
Pranlal V Parekh
020 8902 7126
**Vice President**
Mahendra P Kothary
020 8907 7188
**Secretary**
Jayant U Doshi
020 8954 1859
**Treasurer**
Jayantilal D. Sheth
020 8204 9527
**Joint Treasurer**
Himatlal Mehta
020 8427 2379
**Committee**
Baburai T Shah
Surendra D Mehta
Jasuben D Sheth (Mrs)
Indrakant Bakhai
Navnitlal Shah
Nayanika Shah(Mrs)

**Subscription**
Annual fee: £10
**Weekly Luncheon**
£30.00 for six months
**Yoga Contribution**
£5.00 for two months

જન્મદિનના વધામણા
રાયચંદ દોશી
દિનકર પી. કોઠારી
સુશીલા પી કોઠારી
ઉષા એસ મહેતા
જ્યોતિ પી પટવા

લગ્નની એનીવર્સરી
દયાકુમારી અને મનસુખ બી શાહ

*Remember the Kendra on every good occasion. Celebrate family birthday or happy event by sponsoring lunch*

આપના યાદગાર દિવસોમાં કેન્દ્રને યાદ કરીને લંચ સ્પોન્સર કરવા વિનંતિ

**શુભ દીપાવલિ અને નૂતન વર્ષાભિનંદન.** અમારા સહુ સભ્યો, શુભેચ્છકો અને તેમના કુટુંબીજનોને નવુ વર્ષ સુખ, શાંતિ, આરોગ્ય અને આનંદની અભિવૃદ્ધિ કરનારું નીવડો તેવી શુભેચ્છાઓ.

**દિવાલી લંચ**:- આપણા કેન્દ્રનું પ્રથમ દિવાળી લંચ ૮ નવેમ્બરના રોજ યોગા કલાસ પછી ૧૨.30 વાગે રાખવામાં આવેલ છે.. લંચ પછી બીન્ગો પણ રમાડાશે. આપના મહેમાનોને લાવી શકાશે (£5). જો કે સભ્યોએ અને મહેમાનોએ અગાઉથી જણાવવાનું રહેશે.

**અનુપમ મીશન**:- ડનહામ, અક્ષબ્રીજ ખાતે ૯ નવેમ્બરના રોજ લક્ષ્મી-શારદા પૂજન સાંજે ૬ થી ૮ દરમ્યાન. ૧0 નવેમ્બરના રોજ અન્નકુટ અને પ્રથમ આરતી સાંજે ચાર વાગે રાખેલ છે સહુન આમંત્રણ છે.

**યોગા રીટ્રીટ**- આપણા કેન્દ્રનો આ સહુથી મહત્વાકાક્ષી કાર્યક્રમ ૧૮ થી ૨૩ નવેમ્બરના દિવસોમાં રાખેલ છે. ભાગ લેનાર સભ્યોના નામ આવી ગયા છે અને હજી વિનંતિઓ આવી રહી છે.. આની તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને સહુના સહકારથી જ અમે આવડા મોટા કાર્યક્રમને પાર પાડી શકીશું. રીટ્રીટનો સંપૂર્ણ રીપોર્ટ આવતા અંકમાં આપીશું

**કેન્દ્રના ૧૫૫ સભ્યો**:- નવ મહિનાના ટૂંકા ગાળામાં આપણા ૧૫૫ સભ્યો નોંધાયા છે. નીચેના સભ્યોને અમે આવકારીએ છીએ.

કિરિટ કોઠારી, હર્ષા કોઠારી, નર્મદા એચ શાહ, જ્યોત્સના પી પારેખ, જ્યોતિ એસ ગાંધી, સવિતા પટેલ, દીપક શાહ, કમલેશ મહેતા, મનસુખલાલ ગાંધી, રેખા આર દામાણી, સુધા કે દોશી, શાંતા આર. પીરોદીઆ, લક્ષ્મી મેઘાણી, નલીની ગાંધી, પ્રતિભા દેસાઇ., મનસુખ એચ પટેલ., પુષ્પાબેન પટેલ, જયસુખ બી મહેતા, જશવંત કે મહેતા, ચંદ્રકાંત દોશી, સરલા દોશી, કિશોર મહેતા, હંસા મહેતા, ચંપા માલદે, વિનોદ માલદે, ધીરુ ગલાણી, ઇંદિરા ગલાણી., ઉષા જોબનપુત્રા, ગુલશન મશગ્રોવ, શારદા શાહ, ડેવીડ હોલ્ડન, બીના હોલ્ડન, દિલિપ મીઠાણી, નયન શાહ, કિશોર મોદી, બીના પી. શાહ.

હવે વધુ જગ્યાના અભાવે અમારે સભ્યોનીની સંખ્યામાં મર્યાદા રાખવાનો જલ્દી નિર્ણય લેવો પડશે.

**લેસ્ટરની કોચ ટ્રીપ** એક કોચ ભરાઇ ગયો છે. બીજા કોચ માટે નામ લેવામાં આવેછે. કોચ વેમ્બલી ટ્રાઇએન્ગલ સવારે ૭.30 વાગે અને હેરો લેઝર સેન્ટરથી ૮ વાગે રવિવારે ૧૧ નવેમ્બરના રોજ ઉપડશે. રસ્તામાં અનુપમ મીશન અને લેસ્ટરમાં જલારામ મંદિર સાથે, જૈન સમાજ યુરોપની ૨૦મી વર્ષગાંઠના ભાગ રૂપે આયોજિત ગૌતમસ્વામી પૂજનમાં ભાગ લેવામાં આવશે. શોપીંગ અને બેલગ્રેવ વિસ્તારમાં દિવાળીની રોશની જોવાનો પણ થોડો સમય ફાળવીશું

**ઓક્ટોબર લંચ**:-શ્રી દિનકર શેઠ તરફથી તેમના ૭૫ મા જન્મદિનની ખુશાલીમાં હતો. તેમને અભિનંદન અને સારા આરોગ્ય માટે પ્રાર્થના.

## આપે ફ્લુ માટેનું ઇંજેકશન લીધું છે?

---

નવનાત વણિક એશોશિએશન દ્વારા ચોથી નવેમ્બરના રોજ સંસ્થાના મકાનને હેન્ડઓવર કરવાનો તથા હોલને નામ આપવાનો કાર્યક્રમ. સાંજના ૬ થી રાતના ૧0 વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. અને દીવાળી- ચોપડા પૂજન ૯ નવેમ્બરના રોજ રાખવામાં આવેલ છે.

મહાવીર ફાઉન્ડેશન, કેન્ટન દેરાસરમાં નવા વર્ષના શુભ દિન, દશ નવેમ્બરના રોજ, સમૂહ ચૈત્યવંદન સવારે ૧0 અને પછી ફરીથી ૧૧.30 વાગે આશિષભાઇ મહેતા કરાવશે.